## વાપી મનપામાં તાત્કાલિક 'ફાયર ઓફિસર' નીમવા મુખ્યમંત્રીને રજૂઆત

**ફાયર** NOC માટે સુરતના ધક્કા ખાવા પડતા હોવાથી વલસાડ જિલ્લા રિયલ એસ્ટેટર્સ એસોસિએશને પત્ર લખ્યો

વાપી : વલસાડ જિલ્લા રિયલ એસ્ટેટર્સ એસોસિએશન (VDREDA) દ્વારા ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને પત્ર લખી વાપી મહાનગરપાલિકામાં તાત્કાલિક ધોરણે ફાયર ઓફિસરની નિમણૂંક કરવાની માંગ કરવામાં આવી છે. એસોસિએશને રજૂઆતમાં જણાવ્યું છે કે વાપી GIDC એશિયાની સૌથી મોટી ઔદ્યોગિક વસાહતોમાંની એક છે, જ્યાં કેમિકલ, ફાર્મા, ટેક્સટાઈલ અને પ્લાસ્ટિક જેવા હાઈ રિસ્ક ઉદ્યોગો આવેલા હોવાથી વિસ્તારને "હાઈ ફાયર રિસ્ક ઝોન" ગણવામાં આવે છે.

રજૂઆત મુજબ વાપી મહાનગરપાલિકાની હદ વિસ્તરતા શહેરમાં રહેણાંક અને ઔદ્યોગિક વિસ્તારોમાં નોંધપાત્ર વધારો થયો છે. આવી સ્થિતિમાં નાગરિકોની સુરક્ષા અને વહિવટી સુવિધા માટે ફાયર સેફ્ટી વિભાગ વાપીમાં કાર્યરત હોવો અત્યંત જરૂરી હોવાનું જણાવાયું છે. VDREDAએ હાલની કેટલીક મુખ્ય સમસ્યાઓ પણ રજૂ કરી છે. જેમાં વલસાડ જિલ્લાના બિલ્ડરો અને અરજદારોને ફાયર NOC માટે સુરત સુધી જવું પડે છે, જેના કારણે સમય અને નાણાનો વ્યય થાય છે. સુરત ખાતેના ઓફિસ પર અન્ય જિલ્લાઓનો પણ ભાર હોવાથી કામગીરીમાં વિલંબ થાય છે. ઉપરાંત, વાપીનો વિસ્તાર મોટો હોવાથી અધિકારીઓને વારંવાર વિઝિટ કરવી મુશ્કેલ બનતી હોય ફાઈલો સમયસર પૂર્ણ થતી નથી. એસોસિએશને વધુમાં જણાવ્યું કે ફાયર NOCમાં વિલંબ થવાને કારણે બિલ્ડિંગ બીયુ સર્ટિફિકેટ મેળવવામાં પણ મુશ્કેલીઓ ઊભી થાય છે, જેના કારણે સામાન્ય પરિવારોને મકાનનો કબ્જો મેળવવામાં મોડું પડે છે.

આ તમામ મુદ્દાઓને ધ્યાનમાં રાખીને VDREDAએ વલસાડ જિલ્લા અને વાપી મહાનગરપાલિકાના હિતમાં પારદર્શિતા અને કામગીરીમાં ઝડપ લાવવા તાત્કાલિક ફાયર ઓફિસરની નિમણૂંક કરવા રાજ્ય સરકારને વિનંતી કરી છે.

## કાસ પુરાતા ચોમાસામાં તિઘરા ડૂબશે?

**ગરીબ** અને આદિવાસી પરિવારોમાં ભયનો માહોલ, સ્થાનિકોએ કમિશનરને કરી તાત્કાલિક કાર્યવાહીની માંગ



નવસારી : નવસારીના તિઘરામાં ચોમાસું નજીક આવતાં જ લોકોમાં ચિંતા અને ભયનો માહોલ ફેલાયો છે. સ્થાનિકો અને જાગૃત નાગરિકોએ કમિશનરને લેખિત રજૂઆત કરી તાત્કાલિક ધોરણે કુદરતી કાસ (નાળું)ની સફાઈ કરાવવા માંગ ઉઠાવી છે. અગ્રવાલ કોલેજની પાછળથી પસાર થતી કાસ હાલ કચરો, ગંદકી અને માટીના થરોથી લગભગ પુરાઈ ગઈ છે, જેના કારણે વરસાદી પાણીના નિકાલનો માર્ગ સંપૂર્ણપણે અવરોધાઈ ગયો છે.

સ્થાનિકોનું કહેવું છે કે આ કુદરતી કાસ માત્ર નાળું નથી, પરંતુ સમગ્ર વિસ્તાર માટે જીવદોરી સમાન છે. વર્ષોથી તિઘરા અને આસપાસના વિસ્તારોનું વરસાદી પાણી આ જ માર્ગે નજીકની ખાડીમાં વહી જતું હતું. પરંતુ લાંબા સમયથી યોગ્ય સફાઈ અને જાળવણી ન થતાં હવે કાસ ગંદકીના ઢગલામાં ફેરવાઈ ગઈ છે. જેના કારણે સામાન્ય વરસાદમાં પણ પાણી ભરાવાની સ્થિતિ સર્જાય છે અને જો ભારે વરસાદ વરસે તો આખો વિસ્તાર જળબંબાકારમાં ફેરવાઈ જવાની ભીતિ લોકોમાં ઘર કરી ગઈ છે.

ખાસ કરીને ગરીબ અને આદિવાસી પરિવારોમાં ભારે ચિંતા જોવા મળી રહી છે. ચોમાસા પહેલાં કાસની સફાઈ નહીં થાય તો વરસાદી પાણી સીધું તેમના ઘરોમાં ઘૂસી જશે. સાથે જ ગંદુ પાણી ઘરોમાં ભરાવાને કારણે ચોમાસા દરમિયાન રોગચાળો ફાટી નીકળવાનો ખતરો પણ વધી રહ્યો છે.

સ્થાનિક રહીશોએ કમિશનરને રજૂઆતમાં સ્પષ્ટ જણાવ્યું છે કે હવે માત્ર કાગળો પરની કાર્યવાહી નહીં, પરંતુ મેદાનમાં ઉતરી તાત્કાલિક કામ શરૂ કરવાની જરૂર છે. જેસીબી મશીનો દ્વારા કાસની ઊંડી સફાઈ અને નિકાલ માર્ગ ખુલ્લો કરવાની માંગ કરવામાં આવી છે.

## વાપી મનપામાં કમિશનર એન.એફ.ચૌધરીએ કાર્યભાર સંભાળ્યો

**2021** કેડરના ગુજરાત બેચના આઈએએસ ચૌધરી મહેસાણામાં ઉત્તર ગુજરાત વીજ કંપનીમાં એમડી તરીકે હતા



વાપી : વાપી મહાનગરપાલિકામાં શુક્રવારે મ્યુન્સિપલ કમિશનર એન.એફ. ચૌધરીએ વિધિવત કાર્યભાર સંભાળી લીધો હતો. 2021 કેડરના ગુજરાત બેચના આઈએએસ એન.એફ.ચૌધરી મહેસાણામાં ઉત્તર ગુજરાત વીજ કંપનીમાં એમડી તરીકે હતા. ત્યાંથી બદલી થઈને તેઓ વાપીમાં મ્યુન્સિપલ કમિશનર તરીકે મૂકાયા છે. તેમણે શહેરી વિકાસ વિભાગમાં અગાઉ કામ કર્યુ છે. શુક્રવારે એન.એફ.ચૌધરીએ ચાર્જ સંભાળ્યા બાદ પહેલું કામ વાપી મહાનગરપાલિકાના પહેલા મેયર માટેની ચૂંટણી અંગે એજન્ડા બહાર પાડ્યો હતો. આ એજન્ડા પ્રમાણે વાપી મહાનગરપાલિકાના પ્રથમ સભા ૨૮ મેના રોજ સવારે ૧૧.૩૦ કલાકે પદ્મભૂષણ રજ્જુ શ્રોફ ઓડીટોરિયમમાં મળશે. મુખ્ય ત્રણ કામો માટે વાપી મનપાની પહેલી સામાન્ય સભા મળશે. જેમાં મેયર, ડેપ્યુટી મેયર તથા સ્ટેન્ડીંગ કમિટીના ૧૨ કાઉન્સિલરોની નિમણૂંક કરવામાં આવશે. આ ૨૬ મે સુધીમાં આ બધા પદ માટે ઉમેદવારી પત્રો મેળવી લેવાના રહેશે. આ બધા જ હોદ્દાની મુદ્દત અઢી વર્ષ માટે રહેશે. જેમાં મેયરનું પદ પછાત વર્ગની સ્ત્રી માટે અનામત છે. આમ હવે આગામી સપ્તાહમાં વાપી મનપાને તેના પ્રથમ મેયર સહિતના હોદ્દેદારો મળશે. ભાજપે વાપી મનપાની ચૂંટણીમાં સ્પષ્ટ બહુમત મેળવ્યો હોવાથી આ બધા પદ ઉપર તેમના કાઉન્સિલરોની પસંદગી થશે. નવા મ્યુન્સિપલ કમિશનર એન.એફ.ચૌધરીએ આવતાની સાથે જ હોદ્દેદારોની ચૂંટણી માટેનો એજન્ડા બહાર પાડીને તેમની ઝડપી નિર્ણય લેવાની કાર્યપધ્ધતિનો પરચો આપી દીધો છે.

## ડાંગ ભાજપમાં સત્તાવાર બહુમતી છતાં આંતરિક ઉકળાટ ચરમસીમાએ

**મોટું** ઝાડ પોતાના જ વજનથી તૂટી પડશે?

**જિ.પં.** પ્રમુખ પદના મેન્ડેટને લઈ નાટકીય વળાંક, અસંતુષ્ટોની ગુપ્ત બેઠકોથી રાજકારણમાં 'કતલની રાત' જેવો માહોલ

સાપુતારા : ડાંગ જિલ્લાના રાજકારણમાં છેલ્લા કેટલાક સમયથી આંતરિક અસંતોષ અને ગૃપબાજી ખુલ્લેઆમ સામે આવવા લાગી છે. રાજકીય વર્તુળોમાં એવી ચર્ચાઓ જોર પકડી રહી છે કે સત્તાધારી પક્ષની અંદરખાને ઉકળાટ હવે ચરમસીમાએ પહોંચી ગયો છે. મોટું ઝાડ પોતાના જ વજનથી તૂટી પડે જેવી કહેવત હાલ ડાંગના રાજકીય પરિસ્થિતિ પર સચોટ બેસતી હોવાનું માનવામાં આવી રહ્યું છે. જિલ્લામાં એક જ નેતાનું પ્રભુત્વ વધતું જતું હોવાના આક્ષેપો વચ્ચે સંગઠનની કામગીરી અને નેતૃત્વ પર પણ પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે. કાર્યકરોમાં એવી લાગણી પ્રવર્તી રહી છે કે સંગઠન હવે નબળું અને નિષ્ક્રિય બની ગયું છે. બહારથી દેખરેખ માટે મુકાયેલા વરિષ્ઠ આગેવાનો માત્ર ઔપચારિક ભૂમિકામાં સીમિત રહી ગયા હોવાની ચર્ચાઓ ચાલી રહી છે. સ્થાનિક સંગઠનના નેતૃત્વ સામે પણ અસંતોષનો માહોલ જોવા મળી રહ્યો છે. સંગઠન માર્ગદર્શન વિહોણું બની ગયું હોવાના સૂર કાર્યકરોમાં સંભળાઈ રહ્યા છે. ડાંગ જિલ્લા પંચાયતના પ્રમુખ પદને લઈને સર્જાયેલા તાજેતરના નાટકીય ઘટનાક્રમે રાજકીય ગરમાવો વધુ તેજ કરી દીધો છે. ગત ટર્મની જેમ આ વખતે પણ મેન્ડેટમાં ફેરફાર કરવાની પરિસ્થિતિ ઉભી થઈ હોવાની ચર્ચાઓ રાજકીય માહોલમાં ગરમાઈ રહી છે. રાજકીય નિરીક્ષકોનું માનવું છે કે હાલની પરિસ્થિતિ માત્ર ટ્રેલર સમાન છે. જિલ્લા પંચાયત તથા વિવિધ સમિતિઓની રચનાઓ હજુ બાકી હોવાથી આગામી દિવસોમાં વધુ આંતરિક ખેંચતાણ અને રાજકીય ધમાકા સામે આવી શકે છે. સંપૂર્ણ બહુમતી હોવા છતાં આંતરિક અસંતોષ અને ગૃપબાજી જો યથાવત રહેશે તો આવનારી વિધાનસભા ચૂંટણીમાં સત્તાધારી પક્ષ માટે ડાંગ જિલ્લો પડકારરૂપ સાબિત થઈ શકે છે. હાલમાં ભાજપના કેટલાક અસંતુષ્ટ સભ્યો ગુપ્ત બેઠકો અને ચર્ચાઓ દ્વારા આગામી રાજકીય રણનીતિ ઘડવામાં વ્યસ્ત હોવાની ચર્ચાઓએ સમગ્ર જિલ્લામાં રાજકીય માહોલ વધુ ગરમાવી દીધો છે. કતલની રાત જેવી ઉપમાઓ સાથે ચાલી રહેલી ચર્ચાઓ હવે માત્ર રાજકીય ગલિયારાઓ સુધી સીમિત રહી નથી, પરંતુ કાર્યકરો અને જનતા વચ્ચે પણ ચિંતાનો વિષય બની રહી છે.

## વાપીમાં મોપેડ પર 3 ને બેસાડી ઈન્સ્ટાગ્રામ પર વિડીયો વાયરલ કરનાર સામે ગુનો નોંધાયો

વાપી : વાપી ટ્રાફિક પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, સોશિયલ મીડિયા ઈન્સ્ટાગ્રામના લીંક ઉપર વાપી છીરીથી ગુંજન આવતા માર્ગ ઉપર મોપેડ ઉપર ત્રણ પેસેન્જર બેસાડયા હતા અને તમામ તથા રાહદારીઓની જીંદગી જોખમાય તે રીતે હંકારી રહ્યો હોવાનો વીડિયો વાયરલ કર્યો હતો. આ પ્રકરણમાં વાપી ટ્રાફિક પોલીસ દ્વારા અજાણ્યા મોપેડચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

## વાપીમાં ગાંધી વિચાર પ્રચાર ટ્રસ્ટની રવિવારે વાર્ષિક સાધારણ સભા મળશે

વાપી : વાપીમાં ગાંધી વિચાર પ્રચાર ટ્રસ્ટની આગામી 24- 5 -2026 ને રવિવારના રોજ સવારે 10:30 કલાકે વાપીના ચલા મુકતાનંદ માર્ગ પર આવેલા એકેડમી બિલખીયા સ્ટેડિયમમાં વાર્ષિક સાધારણ સભા મળશે.

જેમાં ગત વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહીની નોંધ વાંચનમાં લઈ બહાલી આપવામાં આવશે. તેમજ તારીખ 31- 3- 2026 ના રોજ પૂરા થતા હિસાબી વર્ષના અહેવાલ હિસાબો મંજૂર કરવા તેમજ નવસારી ખાતે સંપન્ન થયેલા 77 માં ગાંધી મેળાના અહેવાલ હિસાબો મંજૂર કરવા તેમજ અગામી વર્ષ માટેના કાર્યક્રમોની ચર્ચા વિચારણા કરી પ્રમુખ સ્થાનેથી કેટલાક કામો બાબતે રજૂ કરવામાં આવશે. ત્યારબાદ વલસાડ જિલ્લા અને ડાંગ તેમજ સંઘ પ્રદેશમાં ગાંધીમેળાના આયોજનના ટ્રસ્ટ અને સંસ્થાના 20 વર્ષ પૂર્ણ થતા હોય જેને લઈ આ મેળામાં બહુમૂલ્ય યોગદાન આપનાર વ્યક્તિ વિશેષો અને સંસ્થાઓનો ઋણ સ્વીકાર કરવા તેમજ અભિવાદન કાર્યક્રમ પણ કરવામાં આવશે.

સમગ્ર કાર્યક્રમ દરમિયાન ગાંધી વિચાર પ્રચાર ટ્રસ્ટના પ્રમુખ ગફુરભાઈ બિલખીયા, ઉપપ્રમુખ ડો. વિમળાબેન, ભાણાભાઈ પટેલ મહામંત્રી નટુભાઈ નાયક મંત્રી હેમંતભાઈ એમ. દેસાઈ ખજાનચી ધર્મેશભાઈ નાયક તેમજ કમિટી સભ્યો અને ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહેશે.

## આજે ધરમપુર તા.પં. પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણી

ધરમપુર : ધરમપુર તાલુકા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખ પદ માટે ઉમેદવારી પ્રક્રિયા પૂર્ણ થતાં આજે યોજાનારી ચૂંટણીમાં ભાજપના ઉમેદવારોની જીત લગભગ નિશ્ચિત માનવામાં આવી રહી છે. તાલુકા પંચાયતના વર્તમાન સંખ્યાબળને જોતા ચૂંટણી માત્ર ફોર્માલિટી બની રહેશે નુ રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે. ગતરોજ ઉમેદવારી ફોર્મની ચકાસણી દરમિયાન પ્રમુખ પદ માટે ભાજપ તરફથી લીલા ઘાટાળ અને શકુંતલા ચૌધરીએ ઉમેદવારી નોંધાવી હતી, જ્યારે કોંગ્રેસ તરફથી શીતલ ચૌધરી મેદાનમાં છે. જોકે અંતિમ ક્ષણે લીલા ઘાટાળે ઉમેદવારી ફોર્મ પરત ખેંચી લેતા હવે પ્રમુખ પદ માટે શકુંતલા ચૌધરી અને શીતલ ચૌધરી વચ્ચે સીધી ચૂંટણી યોજાશે. ઉપપ્રમુખ પદ માટે ભાજપ તરફથી રણજીત ચૌધરી અને કોંગ્રેસ તરફથી સવિતા બારીયા વચ્ચે મુકાબલો થશે.

### સુડોકુ ૬૫૩૦ - 'ક્રુતિ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ | ૯ | ૫ | | ૩ | | | ૬ |
| | ૮ | | ૯ | ૧ | | | ૭ | |
| | | ૫ | | | | | ૧ | ૯ |
| ૮ | ૩ | ૪ | ૨ | | ૫ | ૭ | | ૧ |
| ૯ | | | ૮ | | ૧ | | ૫ | ૪ |
| | ૨ | | ૭ | ૪ | | | ૩ | ૮ |
| | ૯ | | ૧ | ૬ | | | ૪ | ૩ |
| ૭ | | ૬ | | | ૯ | | ૮ | |
| | ૫ | ૩ | ૪ | ૨ | | ૬ | | ૭ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોકસ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોકસમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોકસમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

### શબ્દગુંફન - ૭૨૨૭
અરવિંદ એસ. મારૂ

**આડી ચાવી**
૧. એક નાનું વગડાઉ પંખી (૫)
૫. દીવો, દીપક (૨)
૭. તરફદારી (૪)
૮. અધીરાઈનું આકળાપણું (૪)
૧૦. જાનવર, જનાવર (૨)
૧૧. વિક્રમ સંવતનો એક મહિનો (૨)
૧૨. શરીરની અંદર થતી પીડા (૪)
૧૪. લગ્નની મોસમ (૫)
૧૯. હેરાનગતિ (૪)
૨૧. વિદાયગીરી (૪)
૨૪. તંતુ, દોર (૨)
૨૫. ધૂન, મસ્તી (૨)
૨૭. નસીબ, કિસ્મત (૪)
૩૦. તેજ, ભપકો (૩)
૩૨. મૃત્યુના દેવ (૨)
૩૩. હવા, વાયુ (૩)
૩૪. સૈન્ય, છાવણી (૩)

**ઊભી ચાવી**
૧. મિત્ર (૨)
૨. ઘોડેસવાર પલટણ (૩)
૩. વિનાનું, વગરનું (૩)
૪. ઘોડેસવાર લશ્કર (૪)
૬. કુહાડી, ફરશી (૩)
૮. સ્નેહ, પ્રીત (૩)
૯. પવિત્ર, શુદ્ધ (૩)
૧૦. પારકું, અન્ય (૨)
૧૨. કુદરતી બરફના કકડા (૨)
૧૩. પુત્ર (૩)
૧૫. ઊંડું, ગાઢું (૩)
૧૬. એક ને પા (૨)
૧૭. ટોચ, છેડો (૨)
૧૮. ભાઈ (૨)
૧૯. પાછું (૩)
૨૦. ખબર, હુકમ (૩)
૨૨. વગાડવું તે (૩)
૨૩. 'સીતા ઔર...' (૨)
૨૬. આંખ (૩)
૨૮. છળ, પ્રપંચ (૩)
૨૯. નકામું, બાદ કરેલું (૨)
૩૦. ગુસ્સો, આવેગ (૨)
૩૧. પ્યાલો (૨)

## દાદીમાના નુસખા
મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### ગૂમડા

પુત્રંજીવા એક વૃક્ષનુ નામ છે જે જીયાપોતા નામે પણ ઓળખાય છે. એના બીજની મીંજ કાઢી એનો લેપ કરવાથી ગૂમડા ની પીડા મટે છે. ભગંદર જેવા વ્યાધિ પર લેપ ઉપરાંત ત્રિફલા ગુગળ ની બે બે ગોળી સવાર સાંજ લેવી.

## વાપીમાં ભત્રીજી સાથે દુષ્કૃત્ય આચરનારા આરોપીની જામીન અરજી નામંજૂર

વાપી : વાપીના ડુંગરા વિસ્તારમાં ભત્રીજી પાસે માલીસ કરાવવના બહાના હેઠળ તેની સાથે છેડતી કરી હતી. 11 વર્ષની દીકરીએ તેના માતા પિતાને આ અંગે જાણ કરતા આ અંગે ફરિયાદ કરતા પોલીસે કાકાની ધરપકડ કરી હતી. પોતાની ૧૧ વર્ષની સગી ભત્રીજી સાથે દુષ્કૃત્ય આચરનાર આરોપીની ડુંગરા પોલીસ દ્વારા ગુનામાં ધરપકડ કર્યા બાદ આરોપીએ જામીન મુક્ત થવા કરેલી રેગ્યુલર જામીન અરજી સંદર્ભે ડી જી પી અનિલ ત્રિપાઠીની દલીલો ગ્રાહ્ય રાખી વાપીના પોક્સો એક્ટ હેઠળના સ્પેશિયલ જજ ડોક્ટર એચ એન વકીલે આરોપીની રેગ્યુલર જામીન અરજી નામંજૂર કરવાનો હુકમ કર્યો હતો.

## પલસાણામાં ખેત મજૂરનું હાર્ટ એટેકથી મોતની આશંકા

પારડી : પારડી તાલુકાના પલસાણા વિસ્તારમાં ખેતરમાં મજૂરી કામ કરતા ૨૭ વર્ષીય યુવાનનું રાત્રિ દરમિયાન અચાનક મોત થતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ છે. પ્રાથમિક દ્રષ્ટિએ હાર્ટ એટેક આવવાને કારણે મોત થયું હોવાની આશંકા સેવાઈ રહી છે. મળતી માહિતી મુજબ, કપરાડા તાલુકાના થેપા ગામના મૂળ વતની પ્રકાશભાઈ દેવરામભાઈ માહલા (ઉ.વ. ૨૭) હાલ પલસાણા ખાતે એક વાડીમાં પત્ની સુશીલાબેન અને બે સંતાનો સાથે રહીને મજૂરી કામ કરતા હતા. ઘટનાની રાત્રે પ્રકાશભાઈએ માથા અને પગમાં દુખાવાની ફરિયાદ કરી દવા લીધા બાદ પરિવાર સાથે સૂઈ ગયા હતા. વહેલી સવારે સાડા ચાર વાગ્યે પત્નીની ઊંઘ ઉડતાં તેમણે પ્રકાશભાઈને જોરજોરથી શ્વાસ લેતા અને ત્યારબાદ અચાનક બેભાન થતા જોયા હતા. જોતજોતામાં તેમનું મોત નીપજ્યું હતું. શરૂઆતમાં પરિવારજનો મૃતદેહને વતન કપરાડા લઈ ગયા હતા, પરંતુ મોતનું સચોટ કારણ જાણવા પોસ્ટમોર્ટમની સલાહ મળતા તેને ફરી ઓરવાડ પીએચસી (PHC) હોસ્પિટલ લાવવામાં આવ્યો હતો. પોલીસે હાલ અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## આજનું પંચાંગ
### તા.23/05/2026, શનિવાર

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** અધિક જેઠ
**તિથિ:** સુદ: આઠમ: 28:28- દુર્ગાષ્ટમી
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** ગ્રીષ્મ
**રાષ્ટ્રિય દિનાંક :** જૈઠ: 02
**યોગ :** ધ્રુવ **કરણ:** વિષ્ટી
**નક્ષત્ર :** મઘા:- 26:10
**રાશિ:** સિંહ (મ.ટ.)
**દિવસ :** અશુભ- બુધનો પશ્ચિમમાં ઉદય
**સુરતમાં સૂર્યોદય :** 06:00 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:11
**નવકારસી :** 06:48
**પારસી વર્ષ :** 1395 દએ માસનો 12મો રોજ
**મુસલમાન વર્ષ :** 1447 જિલ્હેજ માસનો 05મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ,
**રાત્રિનાં ચોઘડિયાં:** લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ
**રાહુ કાળ :** સવારે:- 09:30 થી 11:00 સુધી

## આપની આજ
જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** માનસિક અશાંતિ સતાવે. આર્થિક વ્યવહારમાં ઉતાવળ કરવી નહી. પ્રેમમાં ગેરસમજથી અવિશ્વાસ વધે.
**વૃષભ (બ,વ,ઉ,):** બહારના કામનો બોજ વધે. ઘરમાં વડીલોની સમસ્યા સતાવે. પડવા-વાગવાથી સાવધાન રહેવું.
**મિથુન (ક,છ,ઘ,):** વધુ પડતો આત્મવિશ્વાસ ઉતાવળિયા બનાવે. ભુલોથી નુકસાન થાય. મિત્રો સાથે વિવાદ થાય.
**કર્ક (ડ,હ,):** વાણી પર કાબૂ રાખવો. ઘરમાં તાલમેળ ઓછો રહે. અચાનક ખર્ચા વધશે.
**સિંહ (મ,ટ,):** પડવા-વાગવાથી સાવધાન રહેવું. સમાજમાં અપયશ મળે. નોકરીમાં અશાંતિ વધે.
**કન્યા (પ,ઠ,ણ,):** કોર્ટ, કચેરીમાં વિલંબ થાય. ખર્ચા વધે. સામાજિક પ્રશ્નો સતાવે. અણગમતા સમાચાર મળે.
**તુલા (ર,ત,):** ઈર્ષાળુ મિત્રોથી સાવધાન. સંતાનોની સમસ્યા સતાવે. પ્રેમમાં અશાંતિ વધે. મનોરંજન પ્રવાસ થાય.
**વૃશ્ચિક (ન,ય,):** નોકરી-ધંધામાં જવાબદારી વધે. વડીલો સાથે ઘર્ષણ થાય. સ્ત્રી વર્ગથી પરેશાની આવી શકે છે.
**ધન (ભ,ધ,ફ,ઢ,):** આરોગ્ય નરમ રહે. ધાર્મિક પ્રસંગમાં જવાનું બને. આવક વધે. શુભ સમાચાર મળે.
**મકર (ખ,જ,):** વિશ્વાસઘાતથી સાવધાન. આધ્યાત્મિક શાંતિ મળે. વીલ-વારસા બાબતે સાવધાની રાખવી.
**કુંભ (ગ,સ,શ,ષ,):** રોજના કામમાં શાંતિ મળે. નોકરી-ધંધામાં અનુકૂળતા રહે. દાંપત્ય જીવનમાં અશાંતિ પેદા થાય.
**મીન (દ,ચ,ઝ,થ,):** નોકર-ચાકરથી સાવધાન આરોગ્યની સમસ્યા સતાવે. સ્ત્રી વર્ગથી સાવધાન રહેવું.

### કોઈ પણ સાલમાં 23 મે એ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સંઘર્ષ અને નવી જવાબદારી વધારનાર રહેશે. નોકરી-ધંધા-પ્રવાસમાં હરીફો-પરેશાન કરે. આરોગ્ય નરમ-ગરમ રહે. ઉઘરાણીની ચિંતા રહે. સમાજમાં સામાન્ય રહે. આર્થિક બાબતે ચડતી-પડતી રહે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં વિઘ્નો આવે. નવા ઘર, વાહન, મકાનની યોજના મધ્યમ વર્ગમા પાર પડે. ઉંમરલાયકના વિવાહ થાય. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. વિદેશનો કામ ધીમાં પડે. સંતાનોના અભ્યાસ કેરિયરમાં સામાન્ય રહે. ટેકનોલોજી અને સરકારી નીતિ પ્રમાણે કામ કરવાનું બને. વારસા, જાયદાદ, જમીનનો કામ ધીમાં પડે. મિત્રો-વડીલોની મદદ આવક વધારવામાં મળે. યાત્રા, પ્રવાસ, ધર્મ-કર્મ થાય. મે-જૂન તથા ઓગસ્ટ, સપ્ટેમ્બર, બુધ-શુક્રવાર 5,14,23 તારીખે નવાં કામ કરતાં રહેવુ. લીલાં રંગનો ઉપયોગ કરવો. જૂન-જુલાઈ, શનિવાર 7,16,25 તારીખે નવાં કામ ટાળવાં. કાળો અને લાલ રંગ ઓછો વાપરવો. બુધવારના ઉપાય કરતાં રહેવું.

## જાહેરનામું

**ગુજરાત સરકાર મહેસુલ, વિભાગ સચિવાલય, ગાંધીનગર**
**(જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનઃવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ, ૨૦૧૩)**
**(૨૦૧૩ નો ૩૦મો)**

જિલ્લો: ડાંગ
ક્રમાંક: અમ-મ-૨૦૨૫-૮૯૪ -જડગ-૧૪૨૦૨૪-૮૧૧-ઘ તા. 22 DEC 2025

જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનઃવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ, ૨૦૧૩) (૨૦૧૩ નો ૩૦મો)ની કલમ-૧૧ની પેટા કલમ-(૧) હેઠળ (હવે પછી તેનો "સદરહુ અધિનિયમ" તેમ ઉલ્લેખ કરવામાં આવશે.) ગુજરાત સરકાર આથી જાહેર કરે છે કે આ સાથે જોડેલ અનુસૂચિમાં બતાવવામાં આવેલ જમીનોની જાહેર હેતુ માટે એટલે કે "ચીખલી-સાપુતારા રોડ(SH-૧૫) (સેકશનઃ વઘઈ-શામગહાન કી.મી. ૫૯/૬૦૦ થી ૧૦૩/૩૦૦ને ચાર માર્ગીય કરવા"ના પ્રોજેકટ માટે જરૂર છે.

૨. આથી જાહેર કરે છે કેઃ

(૧) ઉપર જણાવેલ પ્રોજેક્ટ માટે જરૂરી જમીન કુલ ક્ષેત્રફળ હે. ૦૨-૨૭-૬૩.૩૩ ચો.મી. છે અને તે મોજે. આંબાપાડા(સાકરપાતળ) તા. વઘઈ જિ. ડાંગ માં આવેલ છે.

(2) ઉપર જણાવેલ પ્રોજેક્ટમાં નીચે મુજબના જાહેર હિતનો સમાવેશ થાય છે. "ચીખલી-સાપુતારા રોડ(SH- ૧૫) (સેકશનઃ વઘઈ-શામગહાન કી.મી. ૫૯/૬૦૦ થી ૧૦૩/૩૦૦ને ચાર માર્ગીય કરવા"ના આંતરમાળખાકીય પ્રોજેકટના બાંધકામ માટે.

(3) અસરગ્રસ્ત વ્યક્તિઓને ખસેડવાની જરૂરના કારણો નીચે મુજબ છે. "ચીખલી-સાપુતારા રોડ(SH-૧૫) (સેકશનઃ વઘઈ-શામગહાન કી.મી. ૫૯/૬૦૦ થી ૧૦૩/૩૦૦ને ચાર માર્ગીય કરવા" માટે અનુસુચિત વિસ્તારની જમીન સંપાદનન કારણે.

(૪) સામાજિક અસરોના મુલ્યાંકન અહેવાલ સંક્ષિપ્તમાં નીચે મુજબ છે. ગુજરાત અધિનિયમ-૧૨/૨૦૧૬ની કલમ-૧૦(એ) હેઠળ મહેસુલ વિભાગના ગુજરાત સરકારના જાહેરનામા ક્રમાંકઃ અમ-મ-૨૦૨૪-૩૩૪- જડગ-૧૪૨૦૨૪-૮૧૧-ઘ, તા. ૨૪/૦૭/૨૦૨૪ થી મુક્તિ આપવામાં આવેલ છે. અધિનિયમની કલમ-૧૦(એ) હેઠળ સામાજિક અસરોના મુલ્યાંકનનો સંક્ષિપ્ત અહેવાલ આપવો જરૂરી નથી.

(૫) અધિનિયમની કલમ-૪૩ હેઠળ નિયુક્ત કરવામાં આવેલ વહીવટદારની વિગતો નીચે મુજબ છે. નાયબ કલેક્ટર અને જમીન સંપાદન અધિકારી, આહવા-ડાંગ, તા. આહવા, જિ. ડાંગ .

૩. આ જમીનોમાં હિત ધરાવતી તમામ વ્યક્તિઓને આથી જાણ કરવામાં આવે છે કે કોઈ પણ સર્વેયરને અથવા અન્ય કર્મચારીઓને આ જમીન પર દાખલ થવા અને જમીનનો સર્વે કરવા અટકાવવા નહી. આ જાહેરનામુ બહાર પાડ્યા કલેક્ટરની પરવાનગી વગર આ જમીનની કે તેના કોઈ ભાગની કોઈ પણ સ્વરૂપે તબદીલી જેમાં વેચાણ, ભાડા પટ્ટે આપવી, ગીરવે મુકવી, નામ બદલવું અથવા નોંધણીમાં ફેરફાર કરવા નહીં. જો તેમ કરવામાં આવે તો અધિનિયમની કલમ-૨૭ હેઠળ જમીન સંપાદનના વળતરનું મૂલ્યાંકન કરતી વખતે આવા ફેરફાર પર વિચારણા કરવામાં નહી આવે.

૪. ગુજરાત સરકારને જો ઉપર જણાવેલ જાહેર હેતુ માટે જમીન સંપાદન કરવા અંગે સંતોષ થશે તો સદરહું અધિનિયમની કલમ-૧૯ હેઠળ, અધિનિયમમાં નિયત કરેલ સમયમર્યાદામાંની અંદર આખરી જાહેરનામું બહાર પાડશે. જો સંપાદન કરવાનું આંશિક રીતે અથવા પુરેપુરી રીતે રદ કરવામાં આવે તો હકીકત અધિનિયમની જોગવાઈ યોગ્ય રીતે જાહેર કરવાની રહેશે. તે મતલબનું છેવટનું જાહેરનામું યોગ્ય સમયમાં કાયદાનુસાર પ્રસિધ્ધ કરવામાં આવશે. સંપાદન અંશતઃ કે પુર્ણતઃ જતું કર્યુ હોય તો તે હકીકત કાયદાનુસાર યોગ્ય રીતે જાહેર કરવામાં આવશે.

૫. સદરહું અધિનિયમની કલમ- ૩ (જ) હેઠળ મળેલ સત્તાની રૂએ નાયબ કલેક્ટર અને જમીન સંપાદન અધિકારી, આહવા-ડાંગ, તા. આહવા, જિ. ડાંગ ને અધિનિયમની જોગવાઈઓ હેઠળ આ જમીનો માટે કલેક્ટર તરીકે ફરજો બજાવવા માટે નિયુક્ત કરે છે.

૬. આ જાહેરનામા પ્રસિદ્ધિની તારીખથી ૬૦ દિવસની અંદર અધિનિયમની કલમ-૧૫ મુજબ જો કોઈને સંપાદન બાબતે વાંધો હોય તો તેઓ કલમ-૧૫ હેઠળ નાયબ કલેક્ટર અને જમીન સંપાદન અધિકારી, આહવા-ડાંગ, તા. આહવા, જિ. ડાંગ ને રજુઆત કરી શકશે.

અનુસૂચિ

| જિલ્લો: ડાંગ | તાલુકો: વઘઈ | મોજે. આંબાપાડા (સાકરપાતળ) |
|---|---|---|
| ક્રમ | સર્વે નંબર | ક્ષેત્રફળ (હે.આરે. ચો.મી.) |
| ૧ | ૧૬ | ૦૦-૦૨-૭૨.૪૭૯૯ |
| ૨ | ૧૮ | ૦૦-૧૬-૧૨.૦૮૨૯ |
| ૩ | ૨૧ | ૦૦-૨૦-૪૧.૭૦૯૨ |
| ૪ | ૨૫ | ૦૦-૦૭-૭૭.૨૪૭૨ |
| ૫ | ૨૮ | ૦૦-૨૮-૮૮.૯૦૨૭ |
| ૬ | ૩૪ | ૦૧-૦૧-૬૦.૪૯ |
| ૭ | ૫૮ | ૦૦-૦૪-૨૩.૮૯૪૬ |
| ૮ | ૫૯ | ૦૦-૧૮-૩૬.૧૪૦૩ |
| ૯ | ૬૧ | ૦૦-૦૧-૧૯.૨૫૨૯ |
| ૧૦ | ૬૨ | ૦૦-૦૦-૦૬.૫૩૬૯ |
| ૧૧ | ૭૫ | ૦૦-૦૦-૫૫.૫૨૪૭ |
| ૧૨ | ૭૬ | ૦૦-૧૧-૯૩.૪૧૯૫ |
| ૧૩ | ૭૭ | ૦૦-૦૩-૬૯.૪૧૬૧ |
| ૧૪ | ૭૮ | ૦૦-૦૮-૮૯.૭૩૨૪ |
| ૧૫ | ૭૯ | ૦૦-૦૧-૧૬.૫૦૦૭ |
| કુલ | | ૦૨-૨૭-૬૩.૩૩ |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,
ક્રમાંક:માહિતી/ડાંગ/૩૧/૨૦૨૬

(રોજ નમેરા)
સરકારના ઉપ સચિવ